




**IPL 2026** આજની મેચ RCB Vs LSG ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: બેંગલુરુ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 5 | 4 | 1 | 0 | 8 | 0.889 |
| PBKS | 4 | 3 | 0 | 1 | 7 | 0.720 |
| RCB | 4 | 3 | 1 | 0 | 6 | 1.148 |
| SRH | 5 | 2 | 3 | 0 | 4 | 0.576 |
| DC | 4 | 2 | 2 | 0 | 4 | 0.322 |
| GT | 4 | 2 | 2 | 0 | 4 | -0.029 |
| LSG | 4 | 2 | 2 | 0 | 4 | -0.427 |
| CSK | 5 | 2 | 3 | 0 | 4 | -0.846 |
| MI | 4 | 1 | 3 | 0 | 2 | -0.772 |
| KKR | 5 | 0 | 4 | 1 | 1 | -1.383 |

## સંજુ સેમસન માર્ચનો ICC પ્લેયર ઓફ ધ મન્થ જાહેર

દુબઈ, તા. 14 : ભારતના ટી-20 વર્લ્ડકપ વિજયના હીરો સંજુ સેમસનને મંગળવારે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા માર્ચ મહિનાના શ્રેષ્ઠ પુરુષ ખેલાડી તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. તેણે આ રેસમાં તેના સાથી જસપ્રીત બુમરાહ અને દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન કોનોર એસ્ટરહુઇઝેનને હરાવ્યા. સેમસનને પહેલી વાર આઇસીસી મેન્સ પ્લેયર ઓફ ધ મન્થનો એવોર્ડ મળ્યો છે. ઝિમ્બાબ્વે અને દક્ષિણ આફ્રિકા સામે પ્રભાવશાળી પ્રદર્શન બાદ ન્યૂઝીલેન્ડની કેપ્ટન મેલી કેરે મહિલા કેટેગરીમાં ત્રીજી વખત આ એવોર્ડ જીત્યો.

## PSLએ મુઝરાબાની પર બે વર્ષનો પ્રતિબંધ મૂક્યો

લાહોર, તા. 14 : પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)એ પીએસએલ ફ્રેન્ચાઇઝી સાથે કરાર હોવા છતાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં રમવાનું પસંદ કરતાં ઝિમ્બાબ્વેના ઝડપી બોલર બ્લેસિંગ મુઝારાબાની પર બે વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. મુઝરાબાનીએ ઇસ્લામાબાદ યુનાઇટેડ સાથે કરાર કર્યો હતો પરંતુ આઇપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઇડર્સે તેને તેમની ટીમમાં ભૂમિકા ઓફર કરી હતી જેના પછી તેમણે પીએસએલમાંથી ખસી જવાનો નિર્ણય લીધો. ગયા ટી-20 વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન કરનાર મુઝારાબાનીએ અત્યાર સુધીમાં કેકેઆર માટે બે મેચ રમી છે અને ઇડન ગાર્ડન્સ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ચાર વિકેટ લીધી છે.

## ઘાયલ કાર્સના સ્થાને મદુશંકા સનરાઇઝર્સમાં સામેલ

નવી દિલ્હી, તા. 14 : શ્રીલંકાના ઝડપી બોલર દિલશાન મદુશંકાને ઇજાગ્રસ્ત બ્રાયડન કાર્સના સ્થાને ઈન્ડિયન પ્રીમિયર લીગની બાકીની મેચો માટે સનરાઇઝર્સ હૈદરાબાદ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની પહેલી મેચ પહેલા નેટમાં પ્રેક્ટિસ કરતી વખતે કાર્સને હાથમાં ઈજા થઈ હતી. ડાબોડી મધ્યમ ઝડપી બોલર મદુશંકાએ શ્રીલંકા માટે એક ટેસ્ટ, 28 વન ડે અને 19 ટી-20 રમીને કુલ 70 વિકેટ લીધી છે. આઇપીએલના એક નિવેદન અનુસાર, તે સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે 7.5 મિલિયનમાં જોડાશે.

## એશિયન લોન બાઉલ્સમાં ભારતે ચાર ગોલ્ડ જીત્યા

નવી દિલ્હી, તા. 14 : દિલ્હીના ખેલાડી નવનીત સિંહે તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન લોન બાઉલ્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની જોડી અને પુરુષોની ચાર ખેલાડીઓની સ્પર્ધામાં ભારતને ગોલ્ડ મેડલ જીતવામાં મદદ કરી. દિલ્હી પબ્લિક સ્કૂલ આરકે પુરમ ખાતે 6 થી 12 એપ્રિલ દરમિયાન યોજાયેલી ટુર્નામેન્ટમાં, ભારતે પુરુષોની જોડીની ફાઇનલમાં હોંગકોંગને 17-15થી અને પુરુષોની ચાર ખેલાડીની ફાઇનલમાં મલેશિયાને 19-6થી હરાવ્યું. અહીં જારી કરાયેલી એક રિલિઝ અનુસાર, ભારતે પુરુષોની ઓવરઓલ ચેમ્પિયન ટ્રોફી, ઓવરઓલ ટીમ ટ્રોફી અને ચેલેન્જ ટ્રોફી જીતી.

# KKRને હરાવી CSKએ સતત બીજી જીત મેળવી

**સેમસન** અને બ્રેવિસની ઇનિંગની મદદથી ચેન્નાઇ સુપર કિંગ્સે પાંચ વિકેટે 192 રન બનાવ્યા

**નૂર** અહેમદની આગેવાનીમાં બોલરોના પ્રભાવક પ્રદર્શનથી KKR સાત વિકેટે 160 સુધી સિમિત રહ્યું



ચેન્નાઇ, તા. 14 : આઈપીએલમાં આજે અહીં રમાયેલી એક મેચમાં સંજુ સેમસન અને ડેવાલ્ડ બ્રેવિસની ઈનિંગ્સની મદદથી, ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)એ પાંચ વિકેટે 192 રન બનાવીને મૂકેલા 193 રનના લક્ષ્યાંક સામે કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સાત વિકેટે 160 રન સુધી જ પહોંચતા સીએસકે 32 રને જીત મેળવવાની સાથે સતત બીજી મેચ જીતી હતી.

લક્ષ્યાંક આબવા ઉતરેલી કેકેઆરની શરૂઆત સારી રહી નહોતી અને તેમણે 29 રનમાં બે વિકેટ ગુમાવી હતી તે પછી નૂર અહેમદે ઝડપેલી ત્રણ વિકેટને કારણે પડેલા ફટકામાંથી તેઓ ફરી ઊભા થઈ શક્યા નહોતા. રોવમેન પોવેલ અને રમનદીપ સિંહે 63 રનની ભાગીદારી કરતાં તેઓ 160 રન સુધી પહોંચ્યા હતા. કેકેઆરે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી સીએસકેની શરૂઆત ખરાબ રહી હતી અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ માત્ર સાત રન બનાવીને આઉટ થયો હતો. સેમસન અને આયુષ મહાત્રેએ તે પછી 47 રનની ભાગીદારી કરી હતી, જો કે 17 બોલમાં 38 રનની તોફાની ઈનિંગ રમીને આયુષ આઉટ થયો હતો અને તે પછી સેમસન અને બ્રેવિસ મોટી ભાગીદારી કરે તે પહેલા સેમસન પણ 32 બોલમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 48 રન બનાવીને આઉટ થયો હતો. બ્રેવિસ અને સરફરાઝ ખાને ચોથી વિકેટની 51 રનની ઝડપી ભાગીદારી કરી હતી, સરફરાઝ 18 બોલમાં 23 રન કરીને આઉટ થયો હતો જ્યારે બ્રેવિસે 29 બોલમાં 41 રન બનાવી આઉટ થયો હતો. કેકેઆર વતી કાર્તિક ત્યાગીએ બે વિકેટ લીધી, જ્યારે વૈભવ અરોરા, અનુકુલ રોય અને સુનીલ નારાયણે એક-એક વિકેટ લીધી હતી.

| ચેન્નાઇ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન બો.કાર્તિક | 48 | 32 | 4 | 3 |
| ઋતુરાજ કો.પોવેલ બો.રોય | 7 | 6 | 1 | 0 |
| આયુષ કો.રમનદીપ બો.વૈભવ | 38 | 17 | 6 | 2 |
| બ્રેવિસ કો.વૈભવ બો.કાર્તિક | 41 | 29 | 4 | 2 |
| સરફરાઝ બો.નરીન | 23 | 18 | 1 | 2 |
| દુબે નોટઆઉટ | 13 | 12 | 1 | 0 |
| ઓવરટન નોટઆઉટ | 7 | 6 | 1 | 0 |
| વધારાના | 15 | | | |
| કુલ (20 ઓવરમાં પાંચ વિકેટે) | 192 | | | |

**વિકેટપતન :** 1/25, 2/72, 3/111, 4/162, 5/171

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| વૈભવ અરોરા | 4 | 0 | 55 | 1 |
| કેમરન ગ્રીન | 2 | 0 | 30 | 0 |
| અનુકુલ રોય | 3 | 0 | 21 | 1 |
| સુનિલ નરીન | 4 | 0 | 21 | 1 |
| વરુણ ચક્રવર્તી | 3 | 0 | 26 | 0 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 35 | 2 |

| કોલકાતા નાઇટ રાઇડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| એલન કો.દુબે બો.કંબોજ | 1 | 3 | 0 | 0 |
| નરીન કો.ગર્જનપ્રીત બો.ખલીલ | 24 | 17 | 2 | 2 |
| રહાણે કો.ગાયકવાડ બો.નૂર | 28 | 22 | 0 | 2 |
| રઘુવંશી કો.બ્રેવિસ બો.અકીલ | 27 | 19 | 3 | 1 |
| રિન્કુ કો.દુબે બો.નૂર | 6 | 12 | 0 | 0 |
| ગ્રીન બો.નૂર | 0 | 1 | 0 | 0 |
| પોવેલ નોટઆઉટ | 31 | 22 | 1 | 2 |
| રમનદીપ કો.સરફરાઝ બો.કંબોજ | 35 | 23 | 4 | 1 |
| અનુકુલ નોટઆઉટ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 160 | | | |

**વિકેટપતન :** 1/13, 2/29, 3/79, 4/85, 5/85, 6/90, 7/153

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ખલીલ અહેમદ | 3.5 | 0 | 24 | 1 |
| અંશુલ કંબોજ | 4 | 0 | 32 | 2 |
| અકીલ હુસેન | 4 | 0 | 26 | 1 |
| નૂર અહેમદ | 4 | 0 | 23 | 3 |
| ગર્જનપ્રીત સિંહ | 1.1 | 0 | 23 | 0 |
| જેમી ઓવરટન | 3 | 0 | 32 | 0 |

# LSG સામે આજે RCBને બેટ્સમેનો પાસે મજબૂત પ્રદર્શનની અપેક્ષા

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



બેંગલુરુ, તા. 14 (પીટીઆઈ) : આઈપીએલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) આવતીકાલે બુધવારે અહીં લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે મેદાને ઉતરશે ત્યારે તેમના બેટ્સમેન પાસેથી વધુ એક વિસ્ફોટક પ્રદર્શનની આશા રાખશે. આરસીબી હાલમાં છ પોઈન્ટ સાથે ટેબલમાં ત્રીજા સ્થાને છે, જે ચાર અન્ય ટીમો ચાર-ચાર પોઈન્ટ સાથે તેની પાછળ છે. આરસીબી ટોચના સ્થાને રહેલા રાજસ્થાન રોયલ્સથી બે પોઈન્ટ અને પંજાબ કિંગ્સથી એક પોઈન્ટ પાછળ છે.

આરસીબીના બેટ્સમેનોએ અત્યાર સુધી સુસંગત પ્રદર્શન કર્યું છે, દરેકે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ વાત તેમના ટોચના પાંચ બેટ્સમેનોના સ્ટ્રાઈક રેટમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે, જેમાં વિરાટ કોહલીનો સ્ટ્રાઈક રેટ 162, ફિલ સોલ્ટનો 178, રજત પાટીદારનો 214, ટિમ ડેવિડનો 221 અને દેવદત્ત પડિકલનો 201 છે અને તમામે મળીને બધી ટીમોના બોલરો માટે એક મુશ્કેલ પડકાર ઉભો કર્યો છે. આ પાંચ બેટ્સમેનોએ મળીને ચાર મેચમાં કુલ 52 છગ્ગા ફટકાર્યા છે. આ સિઝનમાં આરસીબીએ અત્યાર સુધી સૌથી વધુ છગ્ગા ફટકાર્યા છે અને રેન્જ-હિટિંગને એક નવા સ્તરે પહોંચાડ્યું છે. જેના પરિણામે આરસીબીએ વર્તમાન સિઝનમાં કોઈપણ મેચમાં 200 થી ઓછા રન બનાવ્યા નથી, જેના પરથી તેમની આક્રમક બેટિંગનો અંદાજ લગાવી શકાય છે. અનુભવી ભારતીય ઝડપી બોલર મહંમદ શમીની સાથે પ્રિન્સ યાદવ અને દિગ્વેશ રાઠી અત્યાર સુધી એલએલજી માટે પ્રભાવશાળી રહ્યા છે અને તેઓ આરસીબી સામે પડકાર ઊભો કરી શકે છે.

# કોવિડ રસીના કારણે શેન વોર્નનું મૃત્યુ થયાનો તેના પુત્ર જેક્સનનો દાવો

**વોર્નના** મૃત્યુના ચાર વર્ષ પછી 2 વર્લ્ડસ કોલાઇડ પોડકાસ્ટ પર જેક્સને કરેલો દાવો વિવાદ છેડી શકે

**મારા** પિતા રસી લેવા માગતા નહોતા અન્યની જેમ તેમને પણ તેની ફરજ પડાઇ: જેક્સન



સિડની, તા. 14 (પીટીઆઈ) : શેન વોર્નના મૃત્યુના ચાર વર્ષ પછી, તેના પુત્ર જેક્સને દાવો કર્યો છે કે આ દિગ્ગજ સ્પિનરનું મૃત્યુ સંભવતઃ ત્રણ કે ચાર કોવિડ રસીઓને કારણે થયું હશે જે તેમને કામ કરવા માટે દબાણવશ લેવી પડી હતી.

‘2 વલ્ડ્ર્સ કોલાઈડ’ પોડકાસ્ટ પર બોલતી વખતે જેક્સને તેના પિતાની સ્વાસ્થ્ય સમસ્યાઓનો પણ સ્વીકાર કર્યો. વોર્નનું 2022માં થાઈલેન્ડમાં 52 વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. જેક્સને કહ્યું કે મને ચોક્કસપણે લાગે છે કે કોવિડ રસીએ આમાં ભૂમિકા ભજવી હતી. મને નથી લાગતું કે હમણાં એવું કહેવાથી કોઈ વિવાદ થશે. ભલે પપ્પાને પહેલાથી જ કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ હતી, મને લાગે છે કે રસીએ તેમની બીમારી સપાટી પર લાવી. તે એવી બાબત છે જેના વિશે હું હંમેશા વિચારું છું. તેણે કહ્યું હતું કે તેમના મૃત્યુના સમાચાર મળ્યા પછી મેં ફોન કાપી નાખ્યો કે તરત જ, મારી પહેલી પ્રતિક્રિયા સરકારને દોષી ઠેરવવાની હતી. મેં તરત જ કોવિડ અને રસીને દોષી ઠેરવી દીધી. જેક્સને કહ્યું કે તેણે અંતિમ સંસ્કારમાં પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાથી ભાગ્યે જ પોતાને રોકી શક્યો. કદાચ એવું ન કરવું એ જ સમજદારીભર્યું હતું, જો મેં એવું કર્યું હોત, તો મારી પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ હોત. પણ મને એવું જ લાગ્યું. જેક્સને કહ્યું કે પહેલાં ઘણા લોકો હાર્ટ એટેકથી મૃત્યુ પામતા હતા. પણ પપ્પા ઠીક હતા. મને લાગે છે કે તેમણે ત્રણ કે ચાર રસીકરણ કરાવ્યા હતા. તેઓ રસીકરણ કરાવવા માંગતા ન હતા, પરંતુ તેમને બીજા બધાની જેમ તે કરવાની ફરજ પડી હતી. વોર્નની જીવનશૈલી અંગે જેક્સને કહ્યું કે તે સમયે, પપ્પા સ્વસ્થ અને ખુશ હતા. તેઓ ઘણા સમય પછી આટલા સારા દેખાતા હતા. તેઓ ચોક્કસપણે ધૂમ્રપાન અને દારૂ પીતા હતા, પરંતુ 80 અને 90 ના દાયકાના ઘણા લોકો પપ્પા કરતા ઘણા વધારે ધૂમ્રપાન અને દારૂ પીતા હતા.

# વિઝડન એવોર્ડસમાં નવમાંથી સાત એવોર્ડ જીતી ભારતીયોનો દબદબો

**દીપ્તિ** શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર ઓફ ધ યર અને સ્ટાર્ક શ્રેષ્ઠ પુરુષ ક્રિકેટર ઓફ ધ યર

**ગીલ**, સિરાજ, પંત અને જાડેજા પાંચ ક્રિકેટર્સ ઓફ ધ યરમાં સામેલ, અભિષેક ટી-20 ક્રિકેટર ઓફ ધ યર જાહેર



લંડન, ૧૪ એપ્રિલ (પીટીઆઈ) ભારતીય ક્રિકેટરોએ વિઝડન અલ્માનેક 2026 એવોર્ડ્સમાં પ્રભુત્વ જમાવીને નવમાંથી સાત એવોર્ડ જીત્યા, જેમાં દીપ્તિ શર્માને મહિલા ક્રિકેટર ઓફ ધ યર અને અભિષેક શર્માને ટી-200 ક્રિકેટર ઓફ ધ યર તેમજ શુભમન ગીલને એક જ ટેસ્ટ મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે વિઝડન ટ્રોફી એવોર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને શ્રેષ્ઠ પુરુષ ક્રિકેટર તરીકે જાહેર કરવામાં આવ્યા હતો.

ગયા વર્ષે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન બદલ શુભમન ગિલ, મહંમદ સિરાજ, ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજાને વિઝડનના પાંચ ક્રિકેટર્સ ઓફ ધ યરમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન હસીબ હમીદને પણ ચાર ભારતીય ખેલાડીઓ સાથે વર્ષના પાંચ શ્રેષ્ઠ ક્રિકેટરોમાં સ્થાન આપવામાં આવ્યું હતું.ગયા વર્ષે મહિલા વન ડે વર્લ્ડકપમાં 22 વિકેટ લેવા બદલ દીપ્તિને સન્માનિત કરવામાં આવી હતી. અભિષેકે 2025 ની સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું, તેણે 21 મેચોમાં 193 ના સ્ટ્રાઈક રેટથી 859 રન બનાવ્યા, જેમાં એક સદી અને પાંચ અડધી સદીનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ટેસ્ટ સીરિઝ માટે ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન, ભારતના ટેસ્ટ કેપ્ટન ગીલ ઉત્તમ ફોર્મમાં હતો, તેણે 754 રન બનાવ્યા હતા અને પાંચ મેચની સીરિઝ 2-2થી ડ્રો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઉલ્લેખનીય છે કે, તેણે એજબેસ્ટન ટેસ્ટમાં એકલાએ 430 રન બનાવ્યા હતા તે બદલ તેને વિઝડન ટ્રોફી અપાઈ હતી.

# એશિઝ દરમિયાન મેક્કુલમ સાથેના અણબનાવના અહેવાલોને સ્ટોક્સે ફગાવ્યા

લંડન, તા. 14 (એપી) : ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે એશિઝ સીરિઝ દરમિયાન કોચ બ્રેન્ડન મેક્કુલમ સાથેના મતભેદોના અહેવાલોને ફગાવી દેતા કહ્યું કે તે ખૂબ જ અતિશયોક્તિપૂર્ણ છે. સ્ટોક્સ અને મેક્કુલમ 2022થી જોડાયેલા છે, પરંતુ ગયા શિયાળામાં ઓસ્ટ્રેલિયા સામે 4-1 થી મળેલા પરાજ્યથી તેમને મોટો આંચકો લાગ્યો. હાર પછી તેઓએ એકબીજાને ટેકો આપ્યો હતો, પરંતુ એશિઝ સમીક્ષામાં તણાવના સંકેતો જાહેર થયા. સ્ટોક્સ સાવધાનીપૂર્વક રમવા માંગતો હતો જ્યારે મેક્કુલમ આક્રમક અભિગમ જાળવી રાખવા માંગતો હતો. સ્ટોક્સે એક મુલાકાતમાં કહ્યું કે જ્યારે તમે કોઈ બીજા સાથે નેતૃત્વના પદ પર હોવ છો, ત્યારે એવું વિચારવું સંપૂર્ણપણે અશક્ય છે કે તમે હંમેશા દરેક બાબતમાં સંમત થશો. તેણે કહ્યું કે ભલે બ્રેન્ડન અને મારા વિચારો સમાન હોય, પણ કેટલાક મુદ્દાઓ પર અમારા મતભેદો પણ અલગ હોય છે.

# વૈભવ સૂર્યવંશી ટીમ ઈન્ડિયા વતી ડેબ્યૂ કરવા તૈયાર પણ ક્યારે તે નક્કી નથી

**આયર્લેન્ડ** માટેના 35 સંભવિતોમાં વૈભવનો સમાવેશ પણ તેને આયર્લેન્ડ કે ઇંગ્લેન્ડ સામે ડેબ્યુ કદાચ નહીં કરાવાય

**ઘરઆંગણે** રમાનારી વેસ્ટઇન્ડિઝ સીરિઝ અથવા તો એશિયન ગેમ્સ વૈભવના ડેબ્યુ માટે સૌથી સારું પ્લેટફોર્મ બની શકે



નવી દિલ્હી, તા. 14 : અંડર-19 વર્લ્ડકપ, યુથ ક્રિકેટ અને આઈપીએલ 2026માં પોતાના બેટનો ચમકારો બતાવનાર રાજસ્થાન રોયલ્સનો ઓપનર વૈભવ સૂર્યવંશી ટૂંક સમયમાં ટીમ ઈન્ડિયાની વાદળી જર્સીમાં જોવા મળી શકે છે. અહેવાલો અનુસાર રાષ્ટ્રીય પસંદગીકારોએ જૂન-જુલાઈમાં આયર્લેન્ડ પ્રવાસની ટી-20 સીરિઝ માટે શોર્ટલિસ્ટ કરેલા 35 સંભવિતોમાં વૈભવ સૂર્યવંશીનું નામ સામેલ કરવામાં આવ્યું છે. તેમાં કોઈ શંકા નથી કે સૂર્યવંશી સચિન તેંડુલકરનો સૌથી નાની વયે ભારતીય પુરુષ ટીમ માટે ડેબ્યૂ કરવાનો રેકોર્ડ તોડી નાખશે, કારણ કે તે સમયે તેમની ઉંમર 16 વર્ષથી થોડા મહિના ઓછી હશે. તેનું ડેબ્યૂ જૂનમાં આયર્લેન્ડના પ્રવાસમાં કે પછી ઝિમ્બાબ્વેના પ્રવાસમાં, અથવા સપ્ટેમ્બરમાં જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ અથવા વેસ્ટ ઈન્ડિઝ સામેની હોમ ટી-20 સીરિઝ દરમિયાન કરાવવું તે સંબંધે પસંદગી સમિતિ વિચારી રહી છે. બીસીસીઆઈના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે સંજુ સેમસન, અભિષેક શર્મા અને ઈશાન કિશનની પણ વાત છે. જો તમે ચોથા ઓપનરને લો, તો યશસ્વી જયસ્વાલ પણ ત્યાં છે જ. આ સ્થિતિમાં વૈભવના સમાવેશ માટે પસંદગીકારોએ અભિષેક કે સંજુને બહાર રાખવા માટે ખૂબ જ મજબૂત કારણ આપવું પડશે. કારણ કે જો તમે તે બંનેમાંથી કોઈ એકને બહાર કરો છો, તો પ્રશ્ન એ થાય કે સૂર્યા પોતાનું સ્થાન કેવી રીતે જાળવી શકે. સુત્રએ કહ્યું, કે વૈભવના ડેબ્યુ માટે યુકે પ્રવાસ કે ઝિમ્બાબ્વે હોઈ શકે છે. પરંતુ સૌથી સારું પ્લેટફોર્મ એશિયન ગેમ્સ અથવા વેસ્ટ ઈન્ડિઝ સામેની હોમ સીરીઝ હોઈ શકે છે, કારણ કે આ બંને સીરિઝ એકબીજા સાથે ઓવરલેપ થઈ રહી હોવાથી બે અલગ ટી20 સ્ક્વોડ બનાવવામાં આવશે.

# ઈંગ્લેન્ડમાં ટી-20 પ્રવાસ પછી સૂર્યકુમારના ભાવિની ચર્ચા થઈ શકે

**જૂન-જુલાઈમાં** ભારતના ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ પ્રવાસમાં સૂર્યાની બેટિંગ પર તેની કેપ્ટનશીપ કરતાં વધુ નજર રહેશે

**કોચ** ગંભીરની પહેલી પસંદ ભલે સૂર્યકુમાર હોય પણ પસંદગી સમિતિ તેની સાથે સહમત થશે કે કેમ તે મોટો સવાલ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ) : સૂર્યકુમાર યાદવે ભલે ટી-20 વર્લ્ડકપમાં ટાઇટલ ડિફેન્ડ કરનારી ભારતીય ટીમનું સુકાન સંભાળ્યું હોય, પરંતુ તેના બેટિંગ ફોર્મને કારણે તેને 2028 ઓલિમ્પિક્સ ગેમ્સ માટે ટીમમાં સામેલ કરવામાં આવશે કે નહીં તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. આ સંદર્ભમાં, જૂન-જુલાઈમાં ભારતનો ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડનો પ્રવાસ તેના માટે મહત્વપૂર્ણ રહેશે કારણ કે તેની બેટિંગ તેની કેપ્ટનશીપ કરતાં વધુ તપાસ હેઠળ રહેશે.

આ પ્રવાસ નક્કી કરી શકે છે કે તેને 2028માં મુખ્ય ટુર્નામેન્ટ માટે જાળવી રાખવામાં આવશે કે નહીં, જેમાં અમેરિકામાં ઓલિમ્પિક્સ અને ઓસ્ટ્રેલિયામાં ટી-20 વર્લ્ડકપનો સમાવેશ થાય છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરની પહેલી પસંદગી સૂર્યકુમાર છે, જેનો કાર્યકાળ ઓસ્ટ્રેલિયામાં 2028માં રમાનારા ટી-20 વર્લ્ડકપ સુધી લંબાવવામાં આવે તેવી શક્યતા છે. જોકે, એ જોવું રસપ્રદ રહેશે કે અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ ગંભીર સાથે સહમત થાય છે કે નહીં, કારણ કે ઓલિમ્પિક્સ સમયે સૂર્યકુમાર લગભગ 38 વર્ષનો હશે. બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું કે સૂર્યા હાલમાં ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે. પરંતુ તેણે એ પણ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે તે બેટ્સમેન તરીકે સાતત્ય જાળવી રાખે. તે યુકે પ્રવાસ દરમિયાન ટીમનું નેતૃત્વ કરશે, પરંતુ તે પછી, 2028 સુધીની ચર્ચાઓ સંપૂર્ણપણે પ્રદર્શન પર આધારિત રહેશે. ટી-20 વર્લ્ડકપમાં અમેરિકા સામેની પહેલી મેચ સિવાય સૂર્યકુમારનું પ્રદર્શન નોંધપાત્ર નહોતું. ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે તેને સાતત્ય જાળવી રાખવાની જરૂર પડશે.

## સુડોકુ ૬૪૯૭ - ‘ક્રુટ’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | | | | ૯ | ૩ | ૨ | ૮ |
| | ૯ | ૩ | | | | | | |
| ૫ | | | | ૮ | | | | ૯ |
| | | ૫ | | ૪ | ૭ | ૨ | ૮ | |
| ૪ | | | ૨ | | ૫ | ૯ | | ૬ |
| | ૨ | ૭ | | | ૩ | ૪ | | |
| ૭ | ૫ | ૬ | | | ૨ | | | |
| | | ૯ | ૫ | | ૮ | ૬ | | ૨ |
| ૨ | | ૧ | | ૯ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું અગિયારમું અમૃત! કાચી કેરીનો મુરબ્બો, સખત તાપને લૂને તે પાછળથી મારે દબ્બો.

## આજનું પંચાંગ

**તા. 15/04/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: તેરસ:22:32, પ્રદોષ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 25 **યોગ :** બ્રહ્મ
**કરણ:** ગર **નક્ષત્ર :** પૂ.ભા:15:23 **રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.) 09:38 પછી મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** અશુભ, હિમાલય ડે, માધબિહુ-આસામ -શનિ પૂર્વોદય
**સુરતમાં સૂર્યોદય :** 06:21 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:56
**નવકારસી :** 07:09
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 04થો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે :12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** અચાનક પ્રવાસ થાય. ખર્ચા અને કામનો બોજ વધે. સરકારી કોર્ટ, કચેરીના કામમાં વિલંબ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** વિદ્યાભ્યાસને લઈને નવી યોજના કે ટેકનિકલ બાબતનો લાભ મળે. શેર બજારમાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ધંધામાં આવક વધે. જાહેર અને સમાજમાં વિરોધ વધે.

**કર્ક (ડ,હ,):** ધાર્મિક પ્રવાસ, સાહિત્ય કાયદા કાનૂન, શિક્ષણ વિદેશને લગતા કામમાં વિઘ્નોનો અનુભવ વધશે.

**સિંહ (મ,ટ,):** પડવા વાગવા, ચોર-લૂટારું અને લેવડ-દેવડ બાબતે સાવધાન રહેવું. નોકરીમાં નવી તક મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** આવક વધારવાની યોજનામાં કુટુંબનો સાથ મળે. ઘરમાં અવરજવરથી અશાંતિ વધે.

**તુલા (ર,ત,):** આરોગ્યના ખર્ચા વધે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે. મન અશાંત રહે.

**વૃશ્ચિક (ન,ય,):** સંતાન ચિંતા સતાવે. જીવનસાથી સાથે ઘર્ષણ થાય. વિદ્યાભ્યાસમાં મદદ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. અચાનક નવા ફેરફારથી લાભ થાય.

**મકર (ખ,જ,):** ગુસ્સા પર કાબૂ રાખવો. બીજાને મદદ કરવામાં ધીરજ રાખવી. અશાંતિજનક વ્યવહાર થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉધાર લેવા-દેવાનું ટાળવું. ઘરમાં સંતાનો બાબતે યોજના બને. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ક્રિએટીવ અને કાલ્પનિક વિચારોથી નવી દિશા મળે. અચાનક શુભ સમાચાર મળે.

## કોઈ પણ સાલમાં 15 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ટેકનોલોજી અને નવા નિયમો પ્રમાણે કામ કરવાથી નવું શીખવા મળે હરીફો વધે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. ઘરનાં નાના સભ્યોને મદદ કરવા સમય કાઢવો પડશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણમાં ધીરજ રાખવી વધારાની આવક માટેની યોજના ચડતી-પડતી સાથે આગળ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મહેનત વધશે. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆતમાં પ્રગતિ થાય. વડીલો-મિત્રોની મદદ વારસા, કાયદા સમાજ અને જાયદાદ- જમીન જેવાં કામમાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. એપ્રિલ- મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબર શુક્ર, શનિવાર, 06,15, 24 તારીખે નવા કામ કરવા અનુકૂળ રહે. સફેદ રંગ વાપરવો. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 01,10, 19, 28 તારીખે નવા કામ ટાળવા ભૂરો અને ગ્રે રંગ ઓછો વાપરવો.

## શબ્દગુંફન - ૭૧૯૫

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. રાત્રી (૩)
૩. પરાજય (૨)
૭. સોગન (૨)
૯. બહુબોલું (૩)
૧૦. અવાજ (૨)
૧૨. પ્રણામ, નમસ્કાર (૩)
૧૩. સસલું (૩)
૧૫. જોવું તે (૩)
૧૬. ગાયન (૨)
૧૮. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૧૯. ટાઢું, ઠંડું (૨)
૨૦. પાંચમું પાતાળ (૪)
૨૨. કુસ્તીબાજ (૨)
૨૩. વીતી ચૂકેલું (૨)
૨૪. અનુકૂળ વખત, તક (૨)
૨૫. દયાજનક (૩)
૨૭. ધૂળ (૨)
૨૯. રમતમાં આવતો વારો (૨)
૩૦. ચાલાક, ચપળ (૪)
૩૨. પારકા પૈસા (૪)
૩૪. લડાઈનું મેદાન (૨)
૩૫. કાવ્ય રચનાર (૨)
૩૬. ભય વિનાનું (૩)

**ઊભી ચાવી**

૧. હોંશ, આવડત (૩)
૨. રોષ, ગુસ્સો (૨)
૪. વિદાયગીરી (૪)
૫. લોટો (૩)
૬. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૮. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૧૧. મુખ, ચહેરો (૩)
૧૪. દુષ્યંતની પત્ની (૪)
૧૭. ઝટ, એકદમ (૩)
૧૮. શાંતિકારક (૩)
૨૧. સહેજ (૪)
૨૨. એક વજન (૨)
૨૩. હાથી (૨)
૨૬. મનોહર (૩)
૨૭. અવાજ (૨)
૨૮. પરમેશ્વર (૨)
૨૯. આપવું તે (૨)
૩૦. પંખીઓનું અનાજ (૨)
૩૧. ગધેડો (૩)
૩૨. દૂધ, પાણી (૧)
૩૩. વાવટો, ધ્વજ (૨)
૩૪. સૂર્ય (૨)